

પેટનો ખાડો પુરવા બે ટંકનો રોટલો જોઈએ. આ માટે માત્ર માનવી જ નહી મુંગા પ્રાણીઓએ પણ ઓવરટાઈમ કરવો પડે છે. સર્કસનો આ હાથી સાંજે તો તેના કરતબ રજુ કરવાની રેગ્યુલર ડ્યુટી તો બજાવે જ છે પણ દિવસ દરમ્યાન પોતાના માટે અને સાથી પ્રાણીઓ માટે ચારો પણ એકત્ર કરી લાવવાનો ઓવરટાઈમ પણ કરે છે. આ ઓવરટાઈમ માટે તેને વધારાનું મહેનતાણુ શું મળતું હશે તેનો માત્ર આ હાથી જ કહી શકે.

# પુત્રવધુ પર બળાત્કાર ગુજારનાર સસરાની આખરે ધરપકડ

## દોઢેક માસ પહેલા અવારનવાર બળાત્કાર ગુજાર્યો હોવાની ફરીયાદ દાખલ થઈ હતી : પાંચ દિવસના રિમાન્ડ પર

ગાંધીનગર, તા. ૨૦

પેથાપુરમાં રહેતી પુત્રવધુએ દોઢેક મહિના પહેલા પોલીસસ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી કે તેણીના સસરા અવારનવાર મરજી વિરૂદ્ધ શારીરિક સંબંધ બાંધીને બળાત્કાર ગુજારે છે. આ ગુનો દાખલ થયા બાદ સસરા ફરાર થઈ ગયા હતા. નાસતા ફરતા સસરાને દોઢ મહિને પોલીસે ઝડપી લીધો છે. કોર્ટમાં રજુ કરતા કોર્ટે તેની પુછપરછ માટે પાંચ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.

પેથાપુરની પરિણીતાએ પિયર જઈને પેથાપુર પોલીસમથકે ફરીયાદ નોંધાવી હતી કે તેણીના ૬૦ વર્ષની વયના સસરા વારંવાર મરજી વિરૂદ્ધ શરીર સંબંધ બાંધીને બળાત્કાર કરે છે. પેથાપુર પોલીસે પુત્રવધુ પર બળાત્કાર ગુજારનાર વૃદ્ધ સસરા સામે ગુનો દાખલ કરીને તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા હતા. પરંતુ ફરીયાદ નોંધાતા જ આ શખ્સ ફરાર થઈ ગયો હતો.

દોઢ મહિને પેથાપુર પોલીસ મથકના સિનિયર પી.એસ.આઈ. એન.જે. વાઘેલા આરોપી સસરાને પકડી લાવ્યા છે અને તેની ધરપકડ કરીને પુછપરછ માટે કોર્ટમાં રજુ કરતાં કોર્ટે પાંચ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.



સચિવાલય સલામતિ ખાતામાં ફરજ બજાવતા પોલીસ અધિકારી બી.એ. ઝાલાને પોલીસ ઈન્સ્પેકટર (પી.આઈ.) તરીકે બઢતી આપવામાં આવી છે. સચિવાલય સ્વર્ણિમ સંકુલમાં તેમની પ્રભાવશાળી કામગીરી રહી હતી. પી.આઈ. તરીકે બઢતી આપીને તેમને મહેસાણા ઓએનજીસીમાં મુકવામાં આવ્યા છે.

## ધોળાકુવામાં પરિણીતાએ પોતાના ઘરે અગ્નિસ્નાન કર્યું

ગાંધીનગર નજીક ધોળાકુવા ગામની સીમમાં સ્થિત શ્રી રંગ સોસાયટી મકાન નં. એ-૨ ૩માં રહેતી ૪૦ વર્ષીય પરિણીતા લક્ષ્મીબેન રોશનભાઈ મિસ્ત્રીએ ગઈ મોડી સાંજે પોતાના ઘરે જ કોઈ અગમ્ય કારણોસર શરીરે કેરોશીન છાંટીને દિવાસળી ચાંપી દઈ અગ્નિસ્નાન કરી લેતા ચકચાર મચી જવા પામી છે. પરિણીતાએ કયાં કારણોસર આપઘાત કર્યો તે હજુ સુધી બહાર આવ્યું નથી.

# વર્ગ-૪ના કર્મચારીઓના પડતર પ્રશ્નો સત્વરે ઉકેલવા માંગણી

## અગાઉ ૧૫ દિવસમાં ઉકેલની મૌખિક ખાત્રીને એક માસ વિતી જવા છતાં કોઈ ઉકેલ ના મળતા આંદોલનની ચિમકી અપાઈ

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત રાજય સરકારી ચોથા વર્ગ કર્મચારી મહામંડળ દ્વારા રાજયના વર્ગ-૪ના કર્મચારીઓના પડતર પ્રશ્નોના ઉકેલ માટે રાજયના સામાન્ય વહીવટી વિભાગના અધિક સચિવ ધનજંય દ્વિવેદીના અધ્યક્ષ સ્થાને યોજાયેલી મીટીંગમાં મૌખિક ખાત્રી મેળવાઈ હતી. આ મૌખિક ખાત્રી મુજબ ૧૨માંથી સાતેક પ્રશ્નોનો ૧૫ દિનમાં ઠરાવ પસાર થઈ જશે પરંતુ આજ એક માસ થયા છતાં એક પણ ઠરાવ પસાર ના થતા મહામંડળે આંદોલનની ચિમકી ઉચ્ચારી હતી.

રાજયના મુખ્યમંત્રીને લેખિત પત્રથી મહામંડળે ધનંજય દ્વિવેદી સાહેબની અધ્યક્ષતામાં યોજાયેલી મીટીંગના ઉલ્લેખ સાથે વર્ગ-૪ના કર્મચારીઓના લગભગ ૧૨ પડતર પ્રશ્નોને સત્વરે ઉકેલવા માંગ કરી હતી. અગાઉ મળેલી મૌખિક ખાત્રીના વિશ્વાસે મહામંડળે આંદોલન મુલત્વી રાખ્યું હતું તેવા ઉલ્લેખ સાથે જો વહેલી તકે ઉકેલ નહીં આવે તો તા. ૨૮મી જાન્યુઆરીએ મહામંડળની કારોબારીની બેઠકમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન અને સત્યાગ્રહ કરવા નિર્ણય લેવામાં આવશે તેમજ આ મીટીંગમાં લડતની રૂપરેખા પણ નક્કી કરવામાં આવશે. જો કે મહામડંળે આ આંદોલનની જાહેરાત પહેલા પડતર પ્રશ્નોનાં નિકાલ કરી દેવા મુખ્યમંત્રીને અનુરોધ કર્યો હતો.



સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવાના સ્વયંસેવકો દ્વારા 'પાગલોની સેવા-અભિયાન'નો ઉદાહરણ જે પુરુ પાડ્યું છે તે ખરેખર ધન્યવાદને પાત્ર છે. કુલ ૨૩ પાગલો જેમાં ૨૧ પુરૂષ અને ૨ સ્ત્રીઓને બંને ટાઈમ શાક-રોટલી પહોંચાડી જમાડવાની વ્યવસ્થા કરાઈ રહી છે. જરૂરીયાત મુજબ બુટ-ચંપલ આપવામાં આવે છે. આવી કાતીલ ઠંડીમાં ગરમ સ્વેટર-કાનટોપી, ગરમ ધાબળા, ગોદડી આપી રાહત આપવાનું ભગીરથ કાર્ય આ સંસ્થાના મોભીઓએ દ્વારા કરાઈ રહ્યું છે. ત્યારે આ 'પાગલ' વ્યક્તિઓ બીમાર પડે છે ત્યારે તેમને તે સ્થળ પર જ ડૉક્ટરી સારવાર અપાય છે. આ ઉપરાંત દર મહિને સ્વયંસેવકો દ્વારા કપડાં પહેરાવાય છે અને માથાના વાળ અને દાઢી કરી ચોખ્ખાઈ પરત્વેનું ઉમદા કાર્ય કરાઈ રહ્યું છે. સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજના જ મોભી એવા શર્મા સાહેબ દ્વારા દર મહિને નવા પેન્ટ-શર્ટ અને ગરમ કપડા અને અન્ય આર્થિક સહાય પુરી પાડવામાં આવે છે. સે. ૨૮ પ્રેસથી લઈ ડી.એસ.પી. ઓફિસ, ૨૫ જી.આઈ.ડી.સી. પોલીટેકનીક ઘ-૨ રોડ, ઘ-૦, ચ-૦, પથીકાશ્રમ સે. ૨૪ શોપીંગ, સે. ૨૧ માર્કેટ, સીવીલ કંપાઉન્ડ, જલારામ મંદિર, સે. ૨૯ પાસે આ પાગલ વ્યક્તિઓની શુસુશ્રા અને કાળજી લેવાનું કપરૂ કામ હસતે મોઢે સ્વીકારી, કરી રહેલા સૌરાષ્ટ્ર-કચ્છ સેવા સમાજના મોભીઓ સમાજસેવાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડી રહ્યા છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# સરકારના ભ્રષ્ટાચાર સંદર્ભે લોકાયુક્તને વિગતો અપાઈ

## કોંગ્રેસના ધારાસભ્યોના પ્રતિનિધિમંડળે લોકાયુક્તને રૂબરૂ મળી આઠ કેસોમાં તપાસ કરવાની જોરદાર માંગણી કરી

અમદાવાદ, તા.૨૦

ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના દંડક બાલવંતસિંહ રાજપૂતની આગેવાનીમાં ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના ધારાસભ્ય શૈલેષ પરમાર, મહેન્દ્રસિંહ વાઘેલા, મહેન્દ્રસિંહ બારૈયા, અમીત ચૌધરી, પુંજાભાઈ વંશ, મહેશ પટેલ, ડો. અનિલ જોષીયારાએ આજે ગુજરાત રાજયના લોકાયુક્તને ગુજરાત સરકારના છેલ્લા કેટલાક વર્ષોના વહીવટ દરમ્યાન થયેલ ગેરરીતીઓ અને ભ્રષ્ટાચાર અંગેની વિગતો તટસ્થ તપાસ હાથ ધરવા સુપ્રત કરી હતી.

આ મુદ્દાઓ (૧) રાજયના પાટનગર ગાંધીનગરમાં હરાજી વિના ઉદ્યોગપતિઓને નજીવા દરે જમીન ફાળવણી, (૨) પાકિસ્તાનની સરહદ પાસે સોલ્ટ કેમિકલ્સ માટે વગર હરાજીએ જમીનની મોટી ફાળવણી, (૩) હજીરા, સુરત ખાતે હરાજી વિના નજીવા ભાવે મોકાની જમીનની ફાળવણી, (૪) ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ નિગમ દ્વારા થયેલ ભ્રષ્ટાચાર, (૫) જળસંસાધન વિભાગનું સુજલામ્-સુફલામ્ યોજના કૌભાંડ, (૬) ગેરકાયદેસર ખનનમાં થયેલા કરોડોના ભ્રષ્ટાચાર, (૭) જીયુવીએનએલ દ્વારા સૂર્યઉર્જા ખરીદીમાં થયેલ કરોડોનો ભ્રષ્ટાચાર તથા (૮) કેજી બેઝીનમાં થયેલ રૂા. ૧૦ હજાર કરોડના ભ્રષ્ટાચાર અંગેની વિગતો લોકાયુક્તને સુપ્રમ કરવામાં આવેલ છે અને થયેલ ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓની તટસ્થ તપાસ હાથ ધરવા માંગણી કરવામાં આવેલ છે.

# ગાંધીનગર એલસીબીએ એક વર્ષમાં કરોડોનો દારૂ પકડ્યો

## ૩૯ ઘરફોડીયા, ૪૨ ચોરો, ૪૫ જુગારીઓ અને ૫ લુંટારૂઓને ઝડપ્યા : ૧૧ પાસા, ૧૬ તડીપારની દરખાસ્ત તૈયાર કરીને મોકલી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર એલસીબીની ટીમે વર્ષ ૨૦૧૩ દરમ્યાન વિદેશી દારૂના ૬૧ કેસ કરીને ૧ કરોડનો દારૂ કબ્જે કર્યો છે તે ઉપરાંત જુગારના ૨૦ અડ્ડાઓ પર દરોડા પાડીને ૪૫ જુગારીઓની ધરપકડ કરીને સવા બે લાખથી વધુનો જુગાર જપ્ત કર્યો છે. તે ઉપરાંત ૧૧ પાસાની અને ૧૬ તડીપારની દરખાસ્ત તૈયાર કરીને એલસીબેએ મોકલી હતી.

એલસીબી શાખા દ્વારા વર્ષ ૨૦૧૩ દરમ્યાન દારૂ જુગારના અડ્ડાઓ પર વિવિધ દરોડા પાડવામાં આવ્યા હતા. તેમાં ૬૧ પ્રોહીબીશનના કેસમાં ૬૪ આરોપીઓની ધરપકડ કરીને રૂ. ૯૯,૬૦,૫૫૦ નો માલ જપ્ત કરવામાં આવ્યો હતો. જુગારના ૨૦ દરોડા પાડીને ૪૫ આરોપીઓ પકડી રૂ. ૨,૩૨,૮૨૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જિલ્લા બહારના વિવિધ ૧૪ ગુનાના ૮ આરોપીઓ પકડાયા હતા તેમની પાસેથી દોઢ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ૪૭ ચોરીઓ ડિટેક્ટ કરીને ૪૨ ચોરોની ધરપકડ કરી ૯,૫૬,૪૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તે ઉપરાંત ૨૯ ઘરફોડનો ભેદ ઉકેલીને ૩૯ ઘરફોડીયા ઝડપી લઈ તેમની પાસેથી ૮,૪૫,૩૭૭નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બે લુંટ ડીટેકટ કરીને પાંચ લુંટારૂને ઝડપી લઈ ૨૦ હજારનો માલ રીકવર કર્યો હતો. તે સિવાય એક વર્ષમાં નાસતા ફરતા ૧૩ આરોપીઓને પકડ્યા હતા.

# ચિલોડા મોટા વિસ્તારમાં પાકના ભેલાણને અટકાવવા નવતર પ્રયોગ

## પાકને બચાવવા ખેતરના ફરતે સાડીની વાડ

ચિલોડા, તા.૧૯

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા વિસ્તારમાં રવિ પાકથી ખેતરો લહેરાઈ રહ્યાં છે. ખેડૂતોમાં મબલક વાવેતર થવા પામ્યું છે. પરંતુ ખેડૂતોમાં ઉભા પાકને ભેલાણ તથા નુકશાન કરતા રખડતી ગાયો નીલગાયો તથા ભુંડનો ત્રાસ વધુ જોવા નીલગાયોથી થતા ભેલાણને અટકાવવા ના છૂટકે ખેતરના ફરતે રંગબેરંગી સાડીઓની વાડ બનાવી પાકને બચાવવા પ્રયત્નો કરી રહ્યા છે.



(તસવીર : નટુભાઈ પટેલ)

ખુશખુશાલીનો માહોલ વર્તાઈ રહ્યો છે. કડકડતી ઠંડીની મોસમથી રવિ સિઝનમાં ઘઉંના પાકથી ખેતરો લીલાછમ લહેરાતાં કંઈક અનેરા દશ્યો જોવા મળે છે.

આ વિસ્તારમાં રવિ પાકમાં એરંડા, ઘઉં, બટાકા તથા શાકભાજીનું મળે છે. આમ મહામુલા પાકને બચાવવા મોડી રાત્રે ખેડૂતો જાગરણ કરી રહ્યા છે. છતાં નીલગાયો મોડી રાત્રે ટોળેટોળા દોડી આવતાં ઉભા પાકને ભારે નુકસાન કરતાં ખેડૂતોમાં ચિંતા સતાવી રહી છે.

આમ અનેક ખેડૂતો આમ નગરની વાડ કરવી અનેક રીતે આર્થિક રીતે પરવડે તેમ નથી. તેવા ખેડૂતો દ્વારા સાડીઓની વાડનો નવતર પ્રયોગ કરવા મજબુર બન્યા છે. આમ મોંમાં આવેલો કોળિયો ઝુંટવાઈ ન જાય તે માટે ખેડૂતો પાકને બચાવવા અનેક અખતરા કરી રહ્યા છે.

ઈસનપુર વિસ્તારમાં સનસનાટીપૂર્ણ ઘટના

# જાનૈયાના સ્વાંગમાં આવેલા શખ્સો દ્વારા લાખોની ચોરી

## વરરાજાના ઘરમાં ઘૂસી ચોરી કરી: ચોરીની ઘટનાની જાણ થયા બાદ પોલીસને માહિતી આપવામાં આવતા ચકાસણી

અમદાવાદ, તા.૨૦

જાનૈયાઓનો સ્વાંગ રચીને વરરાજાના બંધ ઘરમાં ઘુસીને તસ્કરો રૂા. ૧૨.૯૭ લાખના મુદ્દામાલનો હાથ સફાયો કરી ગયા હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. એક બાજુ વરરાજા લગ્નગ્રંથીથી જોડાય રહ્યા હતા ત્યારે બીજીતરફ વરરાજાના બંધ ઘરમાંથી તસ્કરો જાનૈયાઓ સહિતના મુદ્દામાલ ચોરી કરી ગયા હતા. પ્રસંગ બાદ ઘરે પરત ફરેલા જાનૈયાઓને ચોરીની ઘટનાની જાણ થતાં તેમનાં હોશકોશ ઉડી ગયા હતા.

સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, ઈસનપુર, વિસ્તારના ભૈરવનાથ ચાર રસ્તા પાસે આવેલ ધનેશપાર્કમાં રહેતા હિતેષભાઈ સોની ખોખરામાં સોના-ચાંદીની દુકાન ધરાવે છે. ગતરોજ તેમના નાનાભાઈના લગ્નનો પ્રસંગ હોવાથી તમામ જાનૈયાઓ સહિત બધા જલધારા પાર્ટી પ્લોટમાં સવારે ૧૧:૪૦ દરમ્યાન નીકળ્યા હતા ત્યારબાદ મોડી સાંજે ઘરના સભ્યો ઘરમાં કંઈ કામ હોવાથી પરત ફર્યા ત્યારે તેમણે જોયું કે ઘરના પાછળના દરવાજાનો નકુચો તુટેલો છે અને ઘરમાં જાનૈયાઓ સહિતના સોનાના દાગીના, રોકડ રકમ, મળી કુલ રૂા. ૧૨,૯૭,૦૦૦ મુદ્દામાલની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા છે. પ્રાથમિક તપાસમાં તસ્કરો જાનૈયાઓનો સ્વાંગ રચીને ઘરના પાછળના ભાગેથી પ્રવેશ્યા હોવાનું જાણવા મળ્યું છે. લગ્નનો પ્રસંગ હોવાથી ઘરમાં સોના-ચાંદીના દાગીના રોકડ રકમ તેમજ જાનૈયાઓના મુદ્દામાલ મોટા પ્રમાણમાં આ તસ્કરો જાણભેદુ હોવાનું જણાય રહ્યું છે. આ મામલા અંગેની જાણ હિતેષભાઈ સોનીએ આજે સવારે ઈસનપુર પોલીસને કરી હતી. ઘટનાની જાણ થતાં જ એફએસએલની ટીમ તથા ડોગસ્કોર્ડની મદદથી ઝીણવટભરી તપાસ કારઈ હતી. તેમજ બીજા તરફ વટવા પોલીસે ઘરફોડ ચોરીના આરોપી જાહીદ ઉર્ફે જાવેદ અબ્દુલભાઈ મંદુરી તથા એઝાઝ અહેમદ રજ્જાક અહેમદ સૈયદને નચોરીના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા છે. આરોપીઓની પૂછપરછ દરમ્યાન ચોરીના ત્રણ ગુના ઉકેલાયા છે. પકડાયેલા આ આરોપીઓ બંધ મકાન કે બંધ ઓફીસને ટાર્ગેટ બનાવતા તેમ આરીથી તાળુ તોડીને તેઓ ચોરી કરતા હતા. વટવા પોલીસ સ્ટાફે પેટ્રોલીંગ દરમ્યાન બાતમીના આધારે આ બંને આરોપીઓને ગુજરાત ઓફસેટ આગળની મુદ્દામાલ સાથે પકડી પાડવામાં સફળતા મળી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૨
સૂર્યાસ્ત : ૬.૧૮

## તાપમાન

મહત્તમ : ૨૮.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૪.૨ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૮ ટકા ● સાંજે ૫૨ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધ લીજેન્ડ ઓફ હરક્યુલસ ૩-ડી(હિન્દી) : ૯.૪૫, ૧૨.૦૦, ૨.૧૫, ૮.૩૦, ૧૦.૪૫
શોલે -૩ડી : ૪.૩૦
: સ્ક્રીન-૨ :
યારીયા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૯.૪૫
કરલે પ્યાર કરલે : ૭.૧૫
: સ્ક્રીન-૩ :
દેઢ ઈશ્કિયા : ૧૦.૧૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
કરલે પ્યાર કરલે: ૧૨.૧૫, ૬.૪૫
: સ્ક્રીન-૪ :
કરલે પ્યાર કરલે : ૯.૩૫
મીસ લવલી : ૧૨.૦૫, ૬.૦૦
ધૂમ-૩ : ૨.૩૦, ૧૦.૦૦

### સીટી પ્લસ

: સ્ક્રીન-૧ :
કરલે પ્યાર કરલે : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫
: સ્ક્રીન-૨ :
યારીયા : ૩.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
વન ટાયરેકશન (અંગ્રેજી) ૩ડી : ૧૨.૪૫, ૬.૪૫
શોલે-૩ડી : ૩.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૪ :
યારીયા : ૧૦.૦૦ ● ધૂમ-૩ : ૧૨.૪૫, ૬.૪૫
વીરમ (તમિલ) : ૧૦.૦૦
: સ્ક્રીન-૫ :
દેઢ ઈશ્કિયા : ૧૦.૦૦
યારીયા : ૧૨.૪૫, ૬.૪૫ ● ધૂમ-૩ : ૩.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૬ :
યારીયા : ૧૨.૪૫ ● મિ. જોબી કરવાલો : ૪.૦૦
ધૂમ-૩ : ૬.૪૫ ● દેઢ ઈશ્કિયા : ૯.૪૫

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
યારીયા : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
: સ્ક્રીન-૨ :
કરલે પ્યાર કરલે : ૧૧.૦૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ધ લીજન્ડ ઓફ હરકયુલસ : ૧૧.૧૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

### સૂર્યા, વાવોલ

કરલે પ્યાર કરલે : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
યારીયા : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
ધ લીજન્ડ ઓફ હરકયુલસ : ૧૧.૦૦, ૪.૩૦, ૯.૩૦
હાથી મેરે સાથી : ૧.૩૦, ૭.૩૦
: સ્ક્રીન-૩ :
હાથી મેરે સાથી : ૧૧.૧૫, ૫.૦૦
કરલે પ્યાર કરલે : ૨.૦૦ ૮.૦૦, ૧૦.૧૫

### ચિરાગ સિનેમા(કલોલ)

કરલે પ્યાર કરલે : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : સંગીતનાં ક્ષેત્રમાં રુચિ વધારઓ થશે. વેપાર - ધંધોમાં વધારો થઈ શકશે. વિશેષ કાર્યો માટે કરવામાં આવેલી દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થશે.

**વૃષભ** : ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે. ગ્રાહકોથી મધુર સંબંધ બંધાશે. સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની અનેક અટવાયેલા કાર્ય પણ સમય પર પૂર્ણ થઈ શકશે.

**મિથુન** : માનસિક અસ્થિરતા દૂર થશે. સત્સંગમાં ભાગ લેવાનું થશે. પૂર્વમાં કરેલા કાર્યોનું પરિણામ પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની શકયતાઓ છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

**કર્ક** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થશે. કૌટુંબિક સુખ અને આર્થિક અનુકૂળતાથી મન પ્રસન્ન રહેશે. ખર્ચમાં વધારો થવાની સંભાવના છે.

**સિંહ** : મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. ઈશ્વર આરાધનાથી કાર્ય આરંભ કરવું.

**તુલા** : આર્થિક રોકાણ વિચારીને કરવું. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

**ધન** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**મકર** : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**કુંભ** : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ થવાની સંભાવના છે.

**મીન** : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

## ચિરવિદાય

- સ્વ. શકુન્તલાબેન મોહનલાલ પારેખ (ઉ.વ. ૭૦) પ્લોટ નં. ૩૬૯/૧, સેકટર-૪/બી, ગાંધીનગર.
- સ્વ. લલીતાબેન અમૃતભાઈ પટેલ (ઉ.વ. ૬૦) પ્લોટ નં. ૪૧૬/૨, સેકટર-૨૯, ગાંધીનગર.
- સ્વ. અરૂણાબેન નીતિનભાઈ શાહ (ઉ.વ. ૬૪) સેકટર-૨૪, ગાંધીનગર.